**SARDAR PATEL UNIVERSITY**
**TY BA (VI Sem.) Examination**
**Monday, 15th April 2013**
**11 am to 2 pm**
**UA06CGLT20 અપઠિતનો અભ્યાસ (અનસીન) (ગુજરાતી)**

**કુલ ગુણ : ૭૦**

પ્ર.૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો . (૧૮)

સ્ત્રી એક મહાન શકિત છે. તેનાં બે પાસાં છેઃ (૧) તે ડુબાડનારી છે અને (૨) તે તારનારી પણ છે. સ્ત્રીશકિત ત્યારે જ ખીલી ઊઠતી હોય છે, જયારે તેની આગળ કે પાછળ કોઈ પુરૂષ હોય. પુરુષ વિનાની એકલી તે અબળા છે. તે સ્વયં પોતાની જાતે જ એકલી પોતાની શકિતનો ઉપયોગ નથી કરી શકતી. તે ડુબાડનારા પાસાને મોહિની રૂપ કહેવાય છે અને તેના તારનાર પાસાને ઉદ્ધારિણી રૂપ કહેવાય છે. મોહિની રૂપ તેનું સહજ રૂપ છે. પોતાની કાર્યસિદ્ધિ માટે તે હંમેશાં આ રૂપનો ઉપયોગ કરે છે. તેનાં પણ બે રૂપ છે. (૧) મોહ પામીને મોહ પમાડવાનું અને (૨) મોહ પામ્યા વિના મોહ પમાડવાનું. પ્રથમ રૂપ પણ સહજ છે. જયારે તે કોઈને મોહ પમાડવાનું કાર્ય કરે છે ત્યારે તે જાતે પણ મોહ પામતી જાય છે. તેથી તે ડુબીને ડુબાડનારી થઈ જાય છે. પણ બીજા રૂપમાં તે કોઈના દોરીસંચાર પ્રમાણે મોહ પામ્યા વિના જ મોહ પમાડે છે ત્યારે તે પોતે ડૂબ્યા વિના બીજાને ડુબાડનારી બને છે.

- સ્વામી સચ્ચિદાનંદ

**અથવા**

પ્ર.૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૮)

નાટકશાળા એ સુધારાની નિશાની છે. કાલિદાસાદિકનાં સર્વોત્તમ નાટકો સંસ્કૃતમાં છે એ જ તે કાળનાં આપણા સર્વોત્તમ સુધારાની અચૂક સાબિતીઓ ગણાય છે. વિદ્યાનો ગ્રંથ તો તે બનાવનારની જ બુદ્ધિનો પુરાવો હોય. કાવ્યો પણ ગણ્યોગાઠ્યો અમુક વર્ગ જ સુધરેલો હતો તે કરતાં વધારે સિદ્ધ કરી શકતો નથી. ચોપાનિયાં ને વર્તમાનપત્રોની વિદ્વતા પણ શું બતાવે છે ? એ જ કે તેના વાંચનારાઓ એવી વાતો સમજવાને લાયક છે ખરાં, પરંતુ આખો જનસમૂહ, જ્ઞાન, વિચાર તથા મનોવૃત્તિમાં કેવો છે તેની ખરેખરી આરસી તો નાટકશાળા જ છે, કેમ કે ત્યાં તો વાંચનાર ને ન વાંચનાર આખું આલમ વખતોવખત આવી જાય છે અને તેથી બધાંને ગમતાં, સમજાતાં અને સરસ લાગતાં નાટકો જ ત્યાં ભજવવામાં આવે છે માટે જે દેશનાં નાટકો સુઘડ, સુરસ ને સૂક્ષ્મ વિચારથી ભરેલાં તે દેશનાં લોક પણ સુઘડ, સુરસ, સૂક્ષ્મ વિચાર કરવાની સ્થિતિએ પહોંચેલા છે એમ જે માનવામાં આવે છે તે સામાન્યપણે વ્યાજબી છે.

- નવલરામ પંડ્યા

પ્ર.૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૧૮)

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
છૂટયો તે ને અરર ! પડી ફાળ હૈયા મહીં તો
રે રે ! લાગ્યો દિલ પર અને શ્વાસ રુંધાઈ જાતાં
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.

મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મ્હારાજથી આ,
પાણી છાંટયું દિલ ધડકતે ત્હોય ઊઠી શકયું ના;
કયાંથી ઊઠે ? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો !
કયાંથી ઊઠે ? હૃદય કુમળું છેક તેનું અહોહો !

આહા ! કિન્તુ કળ ઊતરી ને આંખ તો ઊઘડી એ,
મૃત્યુ થાશે ? જીવ ઊગરશે ? કોણ જાણી શકે એ ?
જીવ્યું, આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફલને ચાખવાને ફરીને

રે રે ! કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે,
આવે ત્હોયે ડરી ડરીને ઇચ્છતું ઊડવાને;
રે રે ! શ્રદ્ધા ગત થઇ પછી કોઇ કાળે ન આવે,
લાગ્યા ઘાને વિસરી શકવા કાંઇ સામર્થ્ય ના છે.

\- કવિ કલાપી

**અથવા**

પ્ર.૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૧૮)

બાની સાથે ગયું બાળપણ ગામ જવાની હઠ છોડી દે
વસતિ વચ્ચે વિસ્તરતું રણ ગામ જવાની હઠ છોડી દે
બન્યો ડેમ ને નદી સુકાઇ ગામ જવાની હઠ છોડી દે
ખેતર વૃક્ષો ગયા કપાઇ ગામ જવાની હઠ છોડી દે
ચોરો તૂટ્યો ગયા પાળિયા ગામ જવાની હઠ છોડી દે
નથી ગોખલા બચ્યા આળિયા ગામ જવાની હઠ છોડી દે
નથી વાવતા ભાઇ મકાઇ ગામ જવાની હઠ છોડી દે
લોહી ખરું પણ નથી સગાઇ ગામ જવાની હઠ છોડી દે
પાદર રસ્તા નામ પૂછશે ગામ જવાની હઠ છોડી દે
'કોનું છે ભૈ કામ ? પૂછશે ગામ જવાની હઠ છોડી દે
સગાં અને સગપણ સૌ છૂટયાં ગામ જવાની હઠ છોડી દે
ખેતર સાથે અંજળ ખૂટયાં ગામ જવાની હઠ છોડી દે
તને કોકનાં વેણ વાગશે ગામ જવાની હઠ છોડી દે
વાતવાતમાં દુઃખ લાગશે ગામ જવાની હઠ છોડી દે
આંબા, રાયણ મહુડા કયાં છે ? ગામ જવાની હઠ છોડી દે
નોધારી ટેકરીઓ ત્યાં છે ગામ જવાની હઠ છોડી દે
ગયા સોબતી ના રહી શાળા ગામ જવાની હઠ છોડી દે
બધા લોક શીખ્યા સરવાળા ગામ જવાની હઠ છોડી દે
છાશ રોટલો ગયાં વસૂકી ગામ જવાની હઠ છોડી દે
માટીએ પણ માયા મૂકી ગામ જવાની હઠ છોડી દે

\- મણિલાલ હ. પટેલ

પ્ર.૩ નીચેનામાંથી **ગમે તે ચાર** છંદો બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો. (૨૦)

(૧) માલિની (૨) સ્રગ્ધરા (૩) ઉપેન્દ્રવજ્રા (૪) દ્રુતવિલંબિત
(૫) વસંતતિલકા (૬) ચોપાઇ (૭) કટાવ (૮) સવૈયા

પ્ર.૪ નીચેનામાંથી **ગમે તે બે** અલંકારો વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

(૧) શ્લેષ (૨) અતિશયોક્તિ (૩) વ્યાજસ્તુતિ (૪) સજીવારોપણ

¤ ¤ ¤